ભાટમાં નજીવી બાબતે મારામારી એકને લાકડી વડે માર માર્યો

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લાના ભાટ ગામમાં ગુટખાના પૈસા આપવાની નજીવી બાબતે બે ઈસમોએ ભેગા મળી એક વ્યક્તિને લાકડી વડે માર માર્યો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાટ ગામમાં રાધેગોપાળ સોસાયટીમાં રહેતા મનીષભાઈ રાજુભાઈ પોલાણી સાથે ગુટખાના પૈસા આપવા બાબતે ગામના સંજય અમરાભાઈ ભરવાડ તેમજ જગદીશ નામના શખ્સે બોલાચાલી કરી હતી. આ દરમિયાન બન્ને ઈસમોએ તેમને લાકડી વડે માર માર્યો હતો આ અંગે અડાલજ પોલીસમથકે ફરિયાદ નોંધાતા એ.એસ.આઈ. વજેસિંહ કાળુસિંહે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આજે ગુરૂકૃપા હોસ્ટેલ ખાતે સુંદરકાંડના પાઠ

રામચરિત માનસના પાંચમાં અધ્યાયના સુંદરકાંડના પાઠ જાણીતા કથાકાર સંજય ભારતી ગોસ્વામીના વ્યાસપીઠે તા. ૨૧મી એપ્રિલના રવિવારે સાંજે- ૫.૩૦ કલાકે ગુરૂકૃપા હોસ્ટેલ, સેક્ટર-૧૩ બ્લોક નં ૧/૧ લીબંચ માતાના મંદિર પાછળ યોજાશે.

આજે પંચમુખી મહાદેવ સેવા ટ્રસ્ટની બેઠક યોજાશે

ગાંધીનગર સેક્ટર-૫-એ, ખાતે આવેલા પંચમુખી મહાદેવ મંદિરનો પાટોત્સવ આગામી તા. ૪ મે-૨૦૧૨ને શુક્રવારે રાખવામાં આવ્યો છે. મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને ૩ વર્ષ પૂર્ણ થતાં પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અંતર્ગત એક જાહેર બેઠક આજે તા. ૨૧મી એપ્રિલ-૨૦૧૨ને શનિવારે રાત્રે ૮ કલાકે પ્લોટ નં. ૨૬૫/૧, સેક્ટર-૫-એ, પંચમુખી મહાદેવ મંદિર પરિસરમાં યોજાશે. ટ્રસ્ટના તમામ સભ્યોને તથા સેક્ટર-૫-એ ના તમામ વસાહતીઓને બેઠકમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાઈફલ કલબમાં સમર સ્પોર્ટસ કેમ્પ

રાઈફલ કલબ થી અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનીંગ એસોસીએશન મિલિટરી એજ્યુકેશન કેમ્પ, ખાનપુર, અમદાવાદ ખાતે નાગરિકો, બાળકો માટે રાઈફલ શુટિંગ સવારે અને બપોરે તથા બોકસિંગ, કરાટે, ઝુડો, સ્કેટીંગ રમતોનો સમર સ્પોર્ટસ કેમ્પ સાંજે ૪.૩૦ થી ૭.૩૦ કલાકે રાખેલ છે. તો જે કોઈને જોડાવવા માંગતા હોય તેમને સંસ્થાનો સંપર્ક સાધવો.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે બે દિવસીય ઈન્ડિયન સોલાર ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટેકનોલોજી સમીટનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી બે દિવસય ઈન્ડિયન સોલાર ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટેકનોલોજી સમીટના શુભારંભ પ્રસંગે કેન્દ્રના ભૂતપૂર્વ ર્જામંત્રી શ્રી સુરેશ પ્રભુએ ર્જા સ્વાવલંબન માટે પુનઃપ્રાપ્ય ર્જાના મહત્ત્વને દર્શાવી જણાવ્યું હતું કે, ર્જા સ્વાવલંબન વિના દેશ આર્થિક સ્વાવલંબન લાવી શકે નહીં. આયાતી અશ્મી બળતણ અને કોલસા આધારિત વીજળીનું ઉત્પાદન મોંઘુ થાય છે એટલું જ નહીં આયાતી સ્ત્રોત ઉપર આધાર રાખવાથી દેશના આર્થિક વિકાસને મોટી અસર થાય છે. જો બિનપરંપરાગત ર્જા સ્રોતો દ્વારા ઘરેલું વીજ ઉત્પાદન કરી ર્જા સ્વાવલંબન સધાય તો આર્થિક સંકટ ટાળી શકાય તેમ પણ તેમણે જણાવ્યું હતું.

પૂર્વ કેન્દ્રિય ઉર્જા મંત્રી શ્રી પ્રભુએ જણાવ્યું હતું કે, બિન પરંપરાગત ઉર્જા પૈકી સૌર ઉર્જા સૌથી મહત્વની છે અને સૌર ઉર્જા ક્ષેત્રે ભારત દેશને સમગ્ર વિશ્વમાં અગ્રેસર બનાવવા ગુજરાત દ્વારા જે શ્રેષ્ઠ પ્રયાસ થઈ રહયા છે તે ઉદાહરણરૂપ છે. તેમણે જણાવ્યું હતું કે, દેરભરના નેવું ટકા જિલ્લા એવા છે કે જયાં વર્ષમાં ૩૦૦ દિવસ જેટલો સમય સૂર્યપ્રકાશ ઉપલબ્ધ છે ત્યારે દેશભરમાં સૌર ઉર્જા ઉત્પાદનની મોટી શકયતા રહી છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની શૈલી દેશભરને રાહ ચીંધનારી છે. આ એવું રાજય છે જયાં મોડેલરૂપ કાર્ય થાય

છે. આ કાર્યવિકાસ માટે ચિંતન થાય છે. આ વાતના સમર્થનમાં તેમણે જણાવ્યું હતું કે, ચારણકા ખાતે એશિયાનો પ્રથમ અને સૌથી મોટો સોલાર પાર્ક સ્થાપીને ગુજરાતે ૬૦૦ મે.વો. સૌર ઉર્જા ઉત્પાદન ક્ષમતા રાષ્ટ્રને ચરણે ધરી છે અને ત્યારબાદ આ સમિટમાં સૌર ઉર્જા ઉત્પાદન અને ટેકનોલોજી ડેવલપમેન્ટ ક્ષેત્રે ચિંતન કરનારી સમીટનું આયોજન યથાર્થ છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

પર્યાવરણ રક્ષા માટે વિશ્વભરના દેશોનું ઉત્તરદાયીત્વ છે કે તેમણે સાથે મળી બિન પરંપરાગત ઉર્જા માટે સંશોધન-વિકાસ કરે જેથી આવી ઉર્જાનું ઉત્પાદન ખર્ચ ઘટી શકે. આ બાબત ઉપર ખાસ ભાર મૂકતાં શ્રી પ્રભુએ જણાવ્યું હતું કે, વિશ્વભરમાં કેટલાંક દેશો એવા છે સૌર ઉર્જા ઉત્પાદનની ભારત દેશની જેમ મહત્તમ ક્ષમતા રહેલી છે આવા દેશોએ સાથે મળીને સૌર ઉર્જા ઉત્પાદન માટે સહિયારો પ્રયાસ કરવો જોઈએ અને સોલાર કલબની રચના કરવી જોઈએ. આવા પ્રયાસથી સૌર ઉર્જા માટે મેન્યુંફેકચરીંગ સપોર્ટ મળશે. સૌર ઉર્જા ઉત્પાદનની ક્ષમતા વધશે અને સરવાળે ઉર્જા ઉત્પાદન ખર્ચ ઘટશે. વિશ્વભરના સંપન્ન દેશોએ પર્યાવરણ રક્ષા માટેના બિન પરંપરાગત ઉર્જા ઉત્પાદનના અભિયાન માટે નાણાંકીય સહાય આપવામાં આવે તે બાબત ઉપર પણ ભાર મૂક્યો હતો.

સમીટના પ્રારંભે ઉપસ્થિત શ્રી ડી. જે. પાંડિયને જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૨૦માં ર્જાવાન ગુજરાતના નિર્માણ માટે કુલ વીજ ઉત્પાદનના ૨૫ ટકા વીજ ઉત્પાદન પુનઃપ્રાપ્ય ર્જા દ્વારા મેળવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે અને આ લક્ષ્યાંક સિદ્ધિ માટે પુરૂષાર્થ કરી એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક સ્થાપિત કર્યો છે. સૌર ઉર્જાના ઉત્પાદન માટેના પડકારો તરફ ધ્યાન દોરતા તેમણે જણાવ્યું હતું કે, ઓછામાં ઓછી જમીનના ઉપયોગથી સોલાર પ્લાન્ટ કર્યાન્વિત થાય તેમજ સૌર ર્જા ઉત્પાદની કિંમતમાં ઘટાડો થાય તેવી ટેકનોલોજીના આવિષ્કારની જરૂર છે એટલું જ નહીં ''લો કોસ્ટ ફંડ ફોર હાઈકોસ્ટ એનર્જી''ના ધ્યેય સાથે સૌર ઉર્જા ઉત્પાદન માટે નાણા સહાય પણ જરૂરી છે, જેનાથી પરંપરાગત ર્જા સ્રોતમાંથી મેળવવાની વીજળી અને બિનપરંપરાગત સ્રોતમાંથી મળતી વીજળીની પડતર કિંમતના તફાવતના ગાળાનો મહત્તમ ઘટાડો કરી શકાય.

કલોલ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૮૧૫૩ લાભાર્થીઓને રૂપિયા ૮ કરોડથી વધુ રકમની સાધન-સહાયનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાનો ત્રીજો ગરીબ કલ્યાણ મેળો તા.૧૯મી એપ્રિ-૨૦૧૨ના રોજ કલોલ ખાતે યોજાયો હતો. કલોલ તાલુકા ગરીબ કલ્યાણ મેળામાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે કુલ- ૮૧૫૩ લાભાર્થીઓને રૂપિયા ૮ કરોડથી વધુ રકમની સાધન - સહાયનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં કલોલ નગરપાલિકા વિસ્તારના ૧૭૨૩ અને કલોલ તાલુકા પંચાયતના ૬૪૩૦ લાભાર્થીઓને રાજય સરકારની વિવિધ વ્યકિતલક્ષી અને અન્ય યોજનાઓ અંતર્ગત ચેક, સાધન અને અન્ય -કારની સહાય ચુકવવામાં આવી હતી. આ -સંગે રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિડિયો કોન્ફરસ દ્વારા માણસાના ગરીબ કલ્યાણ મેળામાં ઉપસથિત જનમેદનીને સંબોધી હતી.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ

નિર્માણ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સાચો રહી ન જાય, ખોટો લઈ ન જાયના ધ્યેય સાથે, સાચા લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓના લાભ એક સ્થળેથી હાથોહાથ વિતરણ થાય તેવી સુવ્યવસ્થા રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજયમાં ગરીબ કલ્યાણ મેળોઓ શરૂ કરી કરવામાં આવી છે. સમગ્ર રાજયમાં છેલ્લા ત્રણ તબક્કામાં ૬૪૨ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૫૮,૬૭,૦૦૦ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત રૂપિયા ૮૧૨૦ કરોડની સાધન-સહાયનું વિતરણ હાથોહાથ કરવામાં આવ્યું છે. માણસા અને ગાંધીનગર ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કુલ-૧૭૦૯ લાખની સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. કલોલ ખાતેના આ મેળામાં કુલ - ૮૧૫૩ લાભાર્થીઓને રૂપિયા ૮ કરોડથી વધુ રકમની સાધન - સહાયનું હાથોહાથ વિતરણ કરવામાં આવી છે.

કલોલ તાલુકાના ગરીબ કલ્યાણ મેળા થકી અનેક ગરીબ કુંટબોના ઘરે આજની મળેલ સહાયની રકમ કે સાધનથી સુખનો સૂરજ ઉગશે. ઈન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓ થકી આજે રાજયના અનેક ગરીબ પરિવારો સુવિદ્યાસભર ઘરોમાં વસવાટ કરતાં થયા છે. તે ઉપરાંત સમગ્ર રાજયમાં ૦ થી ૧૬નો એક પણ પરિવાર આવાસ વિહોણા ન રહે તેની દરકાર રાજયના મુખ્યમંત્રીશ્રીએ કરી છે. તે સિવાય હવે, ૧૬ થી ૨૦ સુદ્ધીના લાભાર્થીઓ માટે પણ રાજય સરકારે સુચારું આયોજન કર્યુછે. તે સિવાય રાજયના મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણીને ્નેત્સાહન આપવા પોતાને મળેલ ભેટ-સોગાદોનું વેચાણ કરીને રૂપિયા ૫૬ કરોડ જેટલી માતબર રકમ આપી મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાં કલોલ નગરપાલિકા -મુખ શ્રી -હલાદભાઈ પટેલ અને પલોડિયા ગામના ચુંથાજી જીવાજી ઠાકોરે રૂપિયા-૨૫-૨૫ હજારના, કલોલના શ્રી કનુભાઈ શેઠે રૂપિયા-૧૫,૦૦૦ તથા અન્ય છ દાતાશ્રીઓએ રૂપિયા ૧૧-૧૧ હજારના ચેક મંત્રીશ્રીને અર્પણ કર્યા હતા.

ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા ગામ આગેવાનોની બેઠક યોજાઈ

ચિલોડા, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા પોલીસ સ્ટેશન હદમાં સમાવિષ્ટ ગામોમાં ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે ગામના મુખ્ય આગેવાનો સાથે ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા અગમચેતી તથા સલામતીના પગલારૂપે જરૂરી બેઠક યોજાઈ હતી.

ચિલોડા વિસ્તારમાં છેલ્લા દોઢ માસથી ચોરીના કિસ્સાઓ વધવા પામ્યા છે. આ અટકાવવા પોલીસ દ્વારા રાત્રી પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવ્યું છે. જ્યારે તમામ ગામોમાં રાત્રે ઉનાળાની સીઝન તથા લગ્નસરાની મોસમમાં દર દાગીના પહેરી મહિલાઓ મકાનની બહાર સુતા ચોરી કે લૂંટના બનાવોમાં લૂંટારૂઓને મોકળું મેદાન મળી રહ્યું છે. તેવા સંજોગોમાં પોતાની સલામતીરૂપે હર કોઈ નાગરિકોએ સ્વરક્ષણ માટે પોલીસની સાથોસાથ રાત્રી જાગરણ કે ચોકી પહેરાની વ્યવસ્થા થાય તે હેતુસર ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે ગામના સરપંચો, ઉપસરપંચો, ગામ સદસ્યો તથા અગ્રહણી આગેવાનોની એક બેઠક યોજાઈ હતી. જેમાં ચોરી અટકાવવા ગામ ચોકીની ટુકડીઓ બનાવવી. દરેક શેરીએ રાત્રી જાગરણ કરવા તથા મહિલાઓને રાત્રે દરદાગીના પહેરી બહાર ન સુવા બાબતે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.સી. ઠક્કર, પી.એસ.આઈ. વી. જે. જાડેજા, પોલીસ તથા ગ્રામ અગ્રણીઓ સાથે પરસ્પર સહયોગ બનવા અનુરોધ કર્યો હતો.

બિનવારસી મૃતકોના મોક્ષાર્થે આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

જુનિયર સિટીઝન કાઉન્સિલ, સ્વ. મનસુખભાઈ ઘોળુ ફાઉન્ડેશન અને ગુરૂકૃપા સંસ્કાર કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે આજે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન ગુરૂકૃપા સંસ્કાર કેન્દ્ર, શ્રી લીંબચ માતાજીના મંદિર પાછળ, સેક્ટર-૧૩-એ, ગાંધીનગર ખાતે વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા કરાયેલા બિનવારસી મૃતકોના અગ્નિસંસ્કાર સંદર્ભે સ્વર્ગસ્થોના મોક્ષાર્થે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

ડૉ. આંબેડકર ભવન ખાતે ભીમગીતોનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

અનુસૂચિત જાતિ એકતા મંચના ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિતે ભીમ ગીતો, કવ્વાલી તથા કેશવલાલ મકવાણા લિખીત ''દિક્ષા ભૂમિ નાગપુરના સંસ્મરણા'' પુસ્તકનુંવિમોચન ૨૨ એપ્રિલના રોજ સાંજે- ૪ કલાકે ડૉ. આંબેડકર ભવન, સેકટર-૧૨ ગાંધીનગર ખાતે રાખેલ છે. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે વિરેન્દ્ર નાગપુરકર, આર. ટી.વાઘેલા, મહેન્દ્રભાઈ સોલંકી ઉપસ્થિત રહેશે. એકતા મંચ ગાંધીનગરના કન્વીનર ડાહ્યાભાઈ સોલંકીએ બહુજન સમાજને ઉપસ્થિત રહેવા અખબારી યાદીમાં જણાવેલ છે.

ડૉ. પ્રશાંત મેરેજાની પુણ્યતિથીએ વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના યુવાધનમાં અભ્યાસ ખેલકૂદ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં પ્રખરતા ધરાવતાં ગાંધીનરના પ્રતિભાશાળી યુવાન તબીબ ડૉ. પ્રશાંત મેરજાનું ૪ વર્ષ અગાઉ માર્ગ અકસ્માતમાં નિધન થયેલું હતું. તેમની સ્મૃતિને ઉદપયુરની પી.ડી.સી. તાલીમ કૉલેજના તેમના સહાધ્યાયી મિત્રો દ્વારા દર વર્ષે વિવિધ પ્રવૃત્તિઓ કરી શ્રધ્ધાંજલિ આપવાની પરંપરા જાળવેલ છે.

ડૉ. પ્રશાંતના ચોથી વાર્ષિક પૂણ્યદિને રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૨૨ યુનિટ રક્ત તબીબી દ્વારા એકત્ર કરાયું હતું. ડૉ. પ્રશાંતને શ્રધ્ધાંજલિ આપવાનો મિત્રધર્મ બજાવ્યો હતો. ડૉ. મેઢ, ડૉ. હિરેન પટેલ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજીને છાત્રકાળ દરમિયાન ડૉ. પ્રશાંતે રાષ્ટ્રીય કક્ષાએ કલકત્તા મુકામે બૅડમિન્ટન સ્પર્ધામાં ગાંધીનગરનું નામ રૉશન કરેલ તે સિધ્ધિને યાદ કરી હતી. અત્રે ઉલ્લેખનીય રહેશે કે, ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં દર વર્ષે શિક્ષણ ક્ષેત્રનો એવોર્ડ આપીને ગાંધીનગરના ગૌરવ સમા ડૉ. પ્રશાંતની સ્મૃતિમાં ઉદયપુરમાં પણ જાળવી રાખેલ છે.

પ્રદૂષિત પાણી છોડવા બદલ અંકલેશ્વરની કેમિકલ કંપનીના સંચાલકોને બે વર્ષની સખત કેદ

ગાંધીનગર, તા. ૨૦

અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત એસ.બી.એસ. કલર્સ એન્ડ કેમિકલ્સે પ્રદૂષિત પાણી જાહેરમાં છોડતા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે કંપની અને તેના સંચાલકો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી. આ સંદર્ભે અંકલેશ્વર કોર્ટના મેજીસ્ટ્રેટે પાણી પ્રદૂષણ અટકાયત નિવારણ અને નિયંત્રણ અધિનિયમ ૧૯૭૪ની કલમ ૨૪-૨૫ના ભંગ બદલ કંપનીના સંચાલકોને બે વર્ષની સખત કેદની સજા અને દરેક આરોપીને રૂ. ૨૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. જો દંડની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો વધુ ત્રણ માસની સખત કેદની સજાનો હૂકમ કરાયો છે.

સમાચાર ઝલક

- વાઘોડીયા ચોકડી પાસે સગપણની વિધિમાંથી પરત ફરતી ચાર કિશોરીઓ ટેમ્પોની ટક્કરે ફંગોળાઇ.
- સયાજીનગરી એક્સપ્રેસના એસ-૧૦ કોચમાં રહસ્યમય વિસ્ફોટ.
- ભરૂચમાં એ.ટી.એમ લૂંટવા આવેલા લૂંટારુંઓએ ફાયરીંગ કરતા સિક્યોરીટી ગાર્ડનું મોત.
- નર્મદા નદીમાં ડૂબી મૃત્યુ પામેલા છ બાળકોની ઘટનામાં ભૂસ્તર શાસ્ત્રીઓની તપાસ શરૂ.
- ખંભાતમાં અજાણ્યા રોગચાળાના વાવર : ૯૧ કેસ મળતા ફફડાટ.
- મહુવામાં એન.આર.આઇ. મહિલાના ૪ લાખના દાગીના ચોરાયા.
- સુરેન્દ્રનગર વિસ્તારમાં ૨.૪ ની તીવ્રતાનો આંચકો.
- ઉના પોલીસ સ્ટેશન નજીકથી ગટરમાંથી મૃત નવજાત શિશુ મળી આવ્યું.
- ભાવનગરમાં ઉપરાછાપરી પાણી કાપથી આક્રોશ.
- ટીકરમાં સૌર ઉર્જાના એકમથી એક હજાર યુવકોને રોજગારી મળશે.
- રતનપુર પાસેથી કતલખાને ધકેલાતાં ૩૮૭ ઘેટાં-બકરાંને બચાવી લેવાયા : ૬ ની અટકાયતય
- ગાંધીધામમાં ડિવાઇડર પર ડમ્પર ચઢી જતાં ત્રણનાં મોત.
- વડોદરા મેડિકલ કોલેજના પાર્કિંગમાં મધમાખીઓનું આક્રમણ.
- સામખિયાળી નજીક હોટલ પાસે રૂા. ૫ લાખ ભરેલા થેલાની તફડંચી.
- રાજકોટ યાર્ડમાંથી કપાસની ખરીદી શરૂ કરવાના મુદ્દે ચક્કાજામ-હોળી.

કંપની સમાચાર

ત્રિભોવનદાસ ભીમજી ઝવેરી લિમિટેડની ઈનિશિયલ પબ્લીક ઓફર ૨૪ એપ્રિલ, ૨૦૧૨ના રોજ ખૂલશે

ત્રિભોવનદાસ ભીમજી ઝવેરી લિમિટેડ (ધ કંપની અથવા તો ટીબીઝેડ લિ. અથવા તો ટીબીઝેડ), ભારતની જ્વેલરી રીટેઈલર, તેની ઈનિશિયલ પબ્લીક ઓફરીંગ સાથે મૂડી બજારમાં પ્રવેશી રહી છે. કંપની રૂ. ૧૦ના એક એવા ૧૬,૬૬૬,૬૬૭ ઈક્વિટી શેરોનું જાહેર ભરણું કાઢી રહી છે. ઈશ્યૂ કંપનીના ભરણા બાદની ભરપાઈ મુડીનો ૨૫ ટકા હિસ્સો દર્શાવે છે. ઓછામાં ઓછા ૪૫ ઈક્વિટી શેરોનો બીડ લોટ નક્કી કરાયો છે ત્યારબાદ ૪૫ ઈક્વિટી શેરોના ગુણાંકમાં અરજી કરવાની રહેશે. ઈશ્યૂ ૨૬ એપ્રિલ, ૨૦૧૨ના રોજ બંધ થશે. ઈશ્યૂ ૧૦૦ ટકા બૂક બિલ્ડીંગ રૂટ મારફત ઓફર કરાશે. જેમાંથી ઈશ્યૂનો ૫૦ ટકા હિસ્સો પ્રપોશનેટ ધોરણે ક્વોલીફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સને ફાળવવામાં આવશે. કંપની ક્યુઆઈબીનો ૩૦ ટકા હિસ્સો એન્કર રોકાણકારને ડિસક્રીશનરી ધોરણે ફાળવવામાં આવશે. જેમાંથી એક તૃતીયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત છે. ક્યુઆઈબીનો ૫ ટકા હિસ્સો (એન્કર ઈન્વેસ્ટર પોરશનને બાદ કરીને) પ્રપોશનેટ ધોરણે મ્યુચ્યુઅલ ફંડને ફાળવવામાં આવશે. તે ઉપરાંત ઈશઅયૂનો ૧૫ ટકા હિસ્સો નોન-ઈન્સ્ટિટ્યુશનલ બિડર્સને પ્રપોસનેટ ધોરણે ફાળવવા માટે ઉપલબ્ધ છે. ૩૫ ટકા હિસ્સો રીટેઈલ ઈન્ડિવિજ્યુઅલ બિડર્સને પ્રપોશનેટ ધોરણે ઓફર કરાશે. જો કે આ ફાળવણી ઉપર જણાવેલી કિંમત મુજબ વેલીડ બીડને આધીન રહેશે. સંભવિત રોકાણકાર (એન્કર ઈન્વેસ્ટર સિવાય) બેન્કની વિગતો પુરા પાડીને અરજીની તેટલી રકમ સેલ્ફ સર્ટીફાઈડ સિન્ડીકેટ બેન્ક દ્વારા બ્લોક કરાવી શકે છે. ક્યુઆઈબી અને નોન-ઈન્સ્ટિટ્યુશનલ બિડર્સે તેમની અરજી અસ્બા પ્રોસેમાંજ કરવાનું ફરજીયાત છે.

ડેનિઝન સુપરશેપ લાઈન ઓફ જીન્સની રજૂઆત

નવી પેઢી માટે ડેનિઝન દ્વારા સારી રીતે તૈયાર થયેલા અને ફિટીંગ ધરાવતા જીન્સવેરની રજૂઆત કરવામાં આવી છે. પ્રેરણાત્મક અને વિશ્વસનીય એવી આ બ્રાન્ડ ભવ્ય દેખાવો અને કમ્ફર્ટ આપવા સજ્જ હોય છે. ૧૩૮થી પણ વધુ વર્ષનો લેવી સ્ટ્રોસ એન્ડ કંપનીનો સમૃદ્ધ વારસાની જાળવણીનાં ભાગરૂપે ડેનિઝને યુવા મહિલાઓ માટે સુપર શેપ લાઈન ઓફ જીન્સની રજૂઆત કરી છે. મહિલાઓનાં આકારની ઊંડાણભરી સમજને લક્ષમાં રાખીને સુપરશેપને એવી રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે પાતળી કમર અને પાતળા લાંબા પગને સચોટ બંધ બેસી શકે. સુપરશેપ લાઈન ઓફ જીન્સ રૂ. ૧૭૯૯ અને તેથી વધુ કિંમતમાં ઉપલબ્ધ છે. ભારતમાં તે ૩૦૦ થી વધુ ડેનિઝન એક્સક્લુઝિવ સ્ટોર્સ અને ૨૦૦૦ થી પણ વધુ મલ્ટીબ્રાન્ડ આઉટલેટ્સમાં તે ઉપલબ્ધ છે.

એક્સિસ બેન્કે ૧૦,૦૦૦મું એટીએમ ખોલ્યું

ભારતમાં ખાનગીક્ષેત્રની ત્રીજા નંબરની સૌથી મોટી એવી એક્સિસ બેન્કે તેનું ૧૦,૦૦૦મું એટીએમ પુનામાં ખોલ્યું છે. આ સાથે જ એક્સિસ બેન્કે ભારતમાં ખાનગીક્ષેત્રની બેન્કોમાં એટીએમ નેટવર્કમાં નેતૃત્વનું સ્થાન હાંસલ કર્યું છે.

એક્સિસ બેન્કનું એટીએમ નેટવર્ક ઉત્તરમાં નાથુલા પાસથી દક્ષિણમાં કન્યાકુમારી અને પશ્ચિમમાં ભૂજથી ઉત્તરપૂર્વમાં ઈમ્ફાલ સુધી પથરાયેલું છે. એક્સિસ બેન્કનાં એટીએમ નેટવર્કમાં ૬૭૭ એટીએમ ગ્રામિણ કેન્દ્રોમાં, ૨૦૧૫ અર્ધશહેરી કેન્દ્રોમાં અને બાકીના ૭૩૦૮ એટીએમ શહેરી અને મેટ્રો શહેરોમાં આવેલા છે. એક્સિસ બેન્કનાં એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર શ્રી આર.કે. બામીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે 'એક્સિસ બેન્ક ગ્રાહકોની જરૂરિયાતોને સમજે છે અને ૧૦,૦૦૦ એટીએમનાં નેટવર્ક દ્વારા ૧૦ મિલિયન રિટેલ ગ્રાહકોને સેવાઓ પૂરી પાડતા આનંદ અનુભવે છે.'

કોટનકિંગ દ્વારા કાળઝાળ ગરમીનો સામનો કરવા અમદાવાદમાં 'ફૂલસ્લબ્ઝ'ની રજૂઆત

ઉનાળો ૪૦ સેલ્શિયસ કરતા ઊંચા તાપમાન સાથે અમદાવાદના નાગરિકો માટે સૌથી વધુ કપરી સિઝન છે. આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિતના રાજ્યમાં પુરૂષો માટે કોટનના વસ્ત્રોનું વેચાણ કરતી અગ્રણી કંપની કોટનકિંગ અમદાવાદના બજારમાં અજોડ 'ફૂલસ્લબ્ઝ'ની રજૂઆત કરી રહી છે. બોલિવૂડના લોકપ્રિય સિનેસ્ટાર અને કોટનકિંગના બ્રાન્ડ એમ્બેસેડર મિલિંદ ગુણાજીના હસ્તે ફોર્મલ, ફેશન ફોર્મલ અને ટી-શર્ટના આ કલેક્શનને રજૂ કરાયા છે અને કોટનકિંગ કોટનવેરના કદરદાનો માટે નવતર વિકલ્પો ઓફર કરવામાં અગ્રણી તેના સ્થાનને મજબૂત બનાવવા સજ્જ છે. આ પ્રસંગે કોટનકિંગના સીઈઓ કૌશિક, સી.જી. રોડના ફ્રેન્ચાઈઝીના તારક પટેલ અને જયેશ ઠક્કર, પાલડી ફ્રેન્ચાઈઝીના નિહીર શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મિલિંદ ગુણાજીએ જણાવ્યું હતું કે કોટનકિંગે સી.ડી. રોડ અને પાલડી ખાતે શોરૂમ સાથે અમદાવાદમાં ભવ્ય પ્રવેશ કર્યો છે. અમદાવાદના નાગરિકોએ અમારી તમામ પ્રોડક્ટ્સ માટે જોરદાર પ્રતિસાદ આપ્યો છે, જે દર્શાવે છે કે તેઓ ઓરિજિનાલિટી, ક્વોલિટી અને નવા ફેશન ટ્રેન્ડના ચાહક છે.

શબ્દાવલી - ૪૭૦૬

૧	૨	૩		૪	■	૫	૬
૭			■	૮	૯		
૧૦		■	૧૧			■	
■	૧૨	૧૩		■		■	
૧૪			■	૧૫		૧૬	■
■	૧૭		૧૮		■	૧૯	૨૦
૨૧		■	૨૨		૨૩		
૨૪				■		■	

આડી ચાવી

૧. સુશોભન, શણગારવું (૫)
૫. મડદુ, શબ (૨)
૭. એક મદ્રાસી વાગની (૩)
૮. ભાંગેલુ-તુટેલું, જર્જરીત (૪)
૧૦. એક સફેદ ફૂલનું નામ (૨)
૧૧. દાન, ભેટ (૩)
૧૨. 'પાવર' શબ્દ આડોઅવળો (૩)
૧૪. અરમાન, ઈચ્છાઓ (૩)
૧૫. સુંદર, બ્યુટીફૂલ (૩)
૧૭. બુઝાવવા (૪)
૧૯. શરીર પર લાખના રંગનું ચિહ્ન (૨)
૨૧. એક ફૂલ (૨)
૨૨. તરફડવું તે, ફફડાટ (૫)
૨૪. તજ

ઊભી ચાવી

૧. રોજનું, રોજીંદુ (૩)
૨. કૉડ નામની માછલીના લિવરમાંથી કઢાતું તેલ (૮)
૩. સરઘસ આકારે ફરવું તે (૨)
૪. દીકરા કે દીકરીના સંતાનોત(૩)
૫. તિબેટનો વડો, બૌધ્ધ આચાર્ય (૨)
૬. લજ્જાળુ (૪)
૯. આદર...., સન્માન (૪)
૧૧. જવાબો, જેવા ભાવમાં ઉચ્ચારાતો શબ્દ, એક પ્રકારનો ગુંદર (૨)
૧૩. નાગલોક, પૃથ્વીનું ઊંડું તળ(૩)
૧૫. પ્રભાત, પરોઢ (૩)
૧૬. ખણખોદ, ચાડીચુગડી (૩)
૧૮. રહેવાસી, મૂળ રહીશ (૩)
૨૦. અપ્રમાણિક, ખોટા બોલું (૩)
૨૧. અલગ, સમાન ના હોય તેવા (૨)
૨૩. તફાવત (૨)

શબ્દાવલી ૪૭૦૫ના જવાબ

આડી ચાવી :- (૧) મગજમારી (૪) માજી (૫) તબલચી (૬) દધીચિ (૮) સત્ય (૧૦) નફો (૧૨) મેગા (૧૩) પરણીતા (૧૪) મદારી (૧૫) પણે (૧૬) ટન (૧૭) કોતવાલ (૧૯) પાર્ટનર

ઊભી ચાવી :- (૧) મગદળ (૨) માત (૩) રીબન (૪) માચીસ (૭) ચીનગારી (૯) ત્યકતા (૧૧) તરણેતર (૧૨) મેદાન (૧૩) પપકોર્ન (૧૪) મટર (૧૮) લસ્સી